કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોનું અમદાવાદમાં શાનદાર સ્વાગત

અમદાવાદ,તા. ૧૯

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો પરિવાર સાથે ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા. અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેનેડાના વડાપ્રધાન પરિવાર સાથે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અક્ષરધામમાં દર્શન માટે પહોંચ્યા હતા. તે ગાળામાં

તેમની સાથે સંતો પણ હતા. ત્યારબાદ કેનેડાના વડાપ્રધાન અમદાવાદના ઐતિહાસિક ગાંધીઆશ્રમ ખાતે પહોંચ્યા હતા જ્યાં થોડાક સમય સુધી રોકાયા હતા.

રાષ્ટ્રપિતાના સંદર્ભમાં વધુ માહિતી પણ એકત્રિત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પહોંચતા પહેલા ભારતના પ્રવાસે પહોંચેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિસ ટ્રુડો ગઈકાલે આગરા પહોંચ્યા જ્યાં તેઓએ પરિવાર સાથે વિશ્વ પ્રસિદ્ધ તાજમહેલના દીદાર કર્યા હતા. કેનેડાના વડાપ્રધાન ટ્રુડો અમદાવાદમાં પોતાની પત્નિ સોફી ગ્રેગોઈર અને ત્રણ બાળકો ઝેવિયર, ઈલાગ્રેસ અને હેડ્રીની સાથે પહોંચ્યા હતા. સમગ્ર પરિવારની સાથે ઐતિહાસિક ગાંધીઆશ્રમમાં પહોંચ્યા હતા. ગઈકાલે કેનેડાના એરફોર્સના વિમાનથી ઉત્તરપ્રદેશના ખેડિયા એરબેઝ પહોંચેલા ટ્રુડોના પરિવારના સભ્યો સીધા તાજમહેલ પહોંચ્યા હતા. છેલ્લા ૧૮ મહિનામાં ટ્રુડો સરકારના ૧૧ પ્રધાનો ભારત આવી ચુક્યા છે. પોતાની સાત દિવસની યાત્રા દરમિયાન ટ્રુડો હરમંદિર સાહેબના દર્શન માટે પણ પહોંચનાર છે. વડાપ્રધાન તરીકે ટ્રુડોની આ પ્રથમ ભારત યાત્રા છે. તેમની ગુજરાત યાત્રાને લઈને તંત્ર દ્વારા પહેલાથી જ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. તમામ રસ્તાઓને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. પરિવાર સાથે પહોંચેલા ટ્રુડો ખુબ જ આકર્ષણ જમાવી રહ્યા છે અને તેમના અંગે વધુ માહિતી મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે.

ઊંઝામાં સ્વ. ભાનુભાઈ વણકરનો અંતિમ સંસ્કાર યોજાયો

ઊંઝા, તા. ૧૯

તાજેતરમાં ઉત્તર ગુજરાતના જિલ્લા મથક પાટણ ખાતે કલેક્ટર કચેરી આગળ જિલ્લાના સમી તાલુકાના દુદખા ગામના દલિત પરિવારની જમીનની માંગણીના સંદર્ભે ઊંઝાના દલિત સમાજના સામાજીક કાર્યકર ભાનુપ્રસાદ જેઠાલાલ વણકરે આત્મવિલોપન કરતાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજતાં દલિત સમાજના લોકોમાં સરકાર સામે ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં ચક્કાજામ, વિરોધ પ્રદર્શનો થતાં મામલો ગરમાયો હતો. દલિત સમાજની માંગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી તેમજ પોલીસ દ્વારા અટકાયત કરાયેલ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની મુક્તિ ન થાય ત્યાં સુધી પરિવારે લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

બાદ ગઈકાલે સરકાર સાથે

સમાધાન થતાં પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. સ્વ. ભાનુપ્રસાદના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે આજે સવારે ઊંઝા ખાતે લાવવામાં આવ્યો હતો. પાર્થિવદેહ ઊંઝા આવી રહ્યાના સમાચારથી હાઈવે પર ડૉ. બાબાસાહેબની પ્રતિમા પાસે તેમજ રહેણાંકના સ્થળે દલિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સ્વ. ભાનુભાઈના નિવાસસ્થાને મૃતદેહને લવાયો ત્યારે દલિત સમાજના વિવિધ સંગઠનોના હોદ્દેદારો, આગેવાનો, કર્મશિલો, સામાજીક કાર્યકરો સમાજના ભાઈ બહેનો, યુવાનો વગેરેએ અંતિમ દર્શન કરી સ્વર્ગસ્થને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. બાદ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી તથા દલિત નેતા નૌશાદ સોલંકીની હાજરીમાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રા નીકળી હતી. જે શહેરના જુદા જુદા માર્ગો પરથી પસાર થઈને સ્મશાનની જગ્યાએ પહોંચી હતી. જ્યાં હજજારો લોકોની હાજરી વચ્ચે અંતિમ વિધિ કરવામાં આવી હતી. બપોરના પોણા વાગ્યાના સુમારે આ અંતિમવિધિ પૂર્ણ થઈ હતી. અંતિમ વિધિમાં સામેલ દલિત નેતાઓએ પરિવારજનોને સાંત્વના આપી હતી. સ્વ. ભાનુપ્રસાદની અંતિમયાત્રા અને અંતિમવિધિ પૂર્ણ થઈ ત્યાં સુધી ઊંઝા હાઈવે સહિત સમગ્ર શહેરમાં એસ.આર.પી. અને પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઈવે પર એસ.ટી. બસ મથક ખાતે પણ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. આત્મવિલોપનની ઘટનાને પગલે ઊંઝામાં સતત બે દિવસ સુધી ચક્કાજામની અને વિરોધ પ્રદર્શનો યોજાયા હતા.

સતલાસણામાં જમીનના મામલે આત્મ વિલોપનની ધમકી

તાજેતરમાં પાટણ કલેક્ટર કચેરી આગળ ઊંઝાના વ્યક્તિના આત્મવિલોપનની ઘટનાથી ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં તંગદિલી ફેલાઈ હતી. આ મામલો શાંત પડ્યો છે ત્યારે મહેસાણા જિલ્લાના સતલાસણા ગામના એક વ્યક્તિએ જમીનના પ્રશ્ને આત્મવિલોપનની ચિમકી આપી હોવાનુ બહાર આવતાં જિલ્લામાં ભારે સનસનાટી ફેલાઈ છે.

જાણવા મળ્યા મુજબ મહેસાણા જિલ્લાના સતલાસણા ગામના સોમાભાઈ કરસનભાઈ ચૌહાણે છેલ્લા ૩૭ વર્ષથી જમીનના પ્રશ્ને લડત આપી રહ્યા છે. કહે છે કે વન વિભાગે જમીન કબજે કર્યા બાદ કલેક્ટરના હૂકમ પછી પણ આ જમીન પરત ન મળતાં તેમણે મહેસાણા જિલ્લા કલેક્ટરને લેખિતમાં ચિમકી આપી છે. તેમણે આગામી તા. ૧૨ માર્ચ સુધીમાં નિરાકરણ લાવવા માટે જણાવ્યું છે. જો ઉકેલ નહીં આવે તો તા. ૧ ઉમી માર્ચના રોજ મહેસાણા જિલ્લા કલેક્ટર કચેરીએ આત્મવિલોપન કરવાની ચિમકી આપી છે.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાતની વાર્ષિક સભામાં એવોર્ડમાં અરવલ્લી શાખાનો દબદબો

અરવલ્લી, તા. ૧૯

ગાંધીનગર રાજભવન ખાતે શનિવારે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્યની રાજ્યપાલ અધ્યક્ષસ્થાને અને નાયબમુખ્યપ્રધાનની ઉપસ્થિતિમાં વાર્ષિક સાધારણ સભા અને એવોર્ડ

સેરેમની સમારંભ યોજાયો હતો. જેમાં અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનો વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ માટે ભારે દબદબો જોવા મળ્યો હતો.

અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જીલ્લામાં બ્લડ કેમ્પ, થેલેસેમિયા કેમ્પ અને આરોગ્યલક્ષી કેમ્પ કરી સતત જરૂરિયાતમંદ લોકો સુધી સહાય પહોંચાડવા મોખરાનું સ્થાન ધરાવે છે. તાજેતરમાં રાજભવન ખાતે રાજ્યપાલ એ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને અને ગુજરાત સ્ટેટ શાખાના ઉપપ્રમુખ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ, આરોગ્ય અધિક મુખ્યસચિવ પૂનમચંદ પરમાર, આરોગ્ય કમિશ્નર જ્યંતી રવિ ઉપસ્થિતિમાં યોજાયેલ સામાન્ય વાર્ષિક સભા અને એવોર્ડ સેરેમનીમાં રાજ્યપાલ એ.પી. કોહલીના વરદ હસ્તે મેમ્બરશિપ અને અન્ય સેવાઓ માટે ગુજરાતમાં અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી પ્રથમ ક્રમે રહેતા શાખાના ચેરમેન ભરતભાઈ પરમાર અને ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીન (રિટાયર્ડ મેનેજર યુ.બી.આઈ)ને એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લાના જાણીતા બિલ્ડર મુકેશભાઈ પટેલ, મેઘરજના કે.વી. વણકર હાજર રહ્યા હતા. માનવતાવાદી સેવા, એકતા અને વૈશ્વિક લેવલે સેવાઓ અપાતી સંસ્થામાં પ્રથમ એવોર્ડ એનાયત થતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો અને સેવાકીય અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

મોંધરી ગામમાં દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો

ભિલોડા,તા.૧૯

ભિલોડા તાલુકાના મોંધરી ગામમાં ભિલોડા દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો હતો.

૧૯ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમકુંમ પગલા પાડ્યા હતા. કોદીબેન સાયબાભાઈ પટેલ, સાયબાભાઈ કાહનાબેન પટેલ પરીવારએ ભોજન દાતાની જવાબદારી ઉપાડી હતી.વિવિધ ચીવવસ્તુઓના દાતાઓના સહયોગથી ખુબ જ ઉમંગથી ભિલોડા દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો હતો.સમાજ શ્રેષ્ઠી હરીભાઈ ચૌધરી ઉપસ્થિત રહી બેટી બચાવો, બેટી પઢાઓ, સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે,સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.ધોલવાણી ગામના શ્રીમદ્ રામજીબાપાએ આશીર્વચન પાઠવ્યા હતા. શ્રીમદ્ રામજી બાપાએ પ્રવચનમાં જણાવ્યું હતું કે સમાજ વ્યસનમુક્ત બને અને ઉત્તર-દક્ષિણ બારેશી સમાજના સમુહલગ્નો ભેગા જ કરવા માર્મિક ટકોર કરી હતી.દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજ હોદ્દેદારો, કાર્યકરો, મોંધરી ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ખેડૂત સમાજ (ગુજરાત) દ્વારા અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલ માર્કેટયાર્ડમાં જીલ્લાભરના ખેડૂતો દૂર દૂરથી તેમના ખેતરોમાં પકવેલ પાકની ઉપજનું યોગ્ય વળતર મળી રહે તે માટે લાંબી કતારો લગાવી હરાજીમાં પડેલ ભાવ પ્રમાણે માલ વેપારીને વેચી દેતો હોય છે. બીજીબાજુ મોડાસા માર્કેટયાર્ડમાં કેટલાક વેપારીઓ દ્વારા હરાજીમાં પડેલ ભાવ કરતા એક મણ (૨૦ કિલો) ૨ થી ૧૦ રૂપિયા સુધી ઓછા આપવા પડેનો કીમિયો અપનાવતા હોવાનું ખેડૂતોને ધ્યાને આવતા આ અંગે ખેડૂત આલમમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. ખેડૂત સમાજ (ગુજરાત) દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી મોડાસા માર્કેટયાર્ડમાં છેતરપિંડી કરનાર વેપારીઓના લાયસન્સ રદ કરવાની માંગ કરી હતી.

ખેડૂત સમાજ (ગુજરાત)ના સદસ્યોએ વધુમાં જણાવ્યું હતું કે ખેડૂત સાથે માર્કેટયાર્ડના એક વેપારી દ્વારા હરાજીમાં પડેલ કપાસના ભાવમાં મણે (૨૦ કિલો)એ ચેકના બદલે રોકડમાં રકમ આપી હોવાનું જણાવી દસ

રૂપિયા કાપી લેવાતા આ અંગે મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશોને ધ્યાન દોરતા હોદ્દેદારોએ વેપારીઓ સાથે મિટિંગ કરી ફક્ત નોટિસ ફટકારી સંતોષ માનતા વેપારીને છાવરવાના પ્રયત્નો કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. મોડાસા માર્કેટયાર્ડમાં કેટલાક વેપારીઓ દ્વારા છેતરપિંડી કરનાર વેપારીઓના લાયસન્સ રદ કરવામાં આવે ખેડૂતો સાથે છેતરપિંડી ના થાય તેની પણ સત્તાધીશો દ્વારા તકેદારી રાખવાની માંગ કરી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતો સાથે થતી છેતરપિંડી બંધ નહિ થાય તો ખેડૂત સંગઠનોએ ના છૂટકે આંદોલન કરવાની ફરજ પાડવાની ચીમકી ઉચ્ચારી હતી.

જિલ્લા કલેક્ટર વતી અન્ય અધિકારીએ આવેદનપત્ર સ્વીકાર્યું હતું.

ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રૂા.૬૬,૪૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો હતો.મહિન્દ્રા બોલેરો મેક્સીટ્રક પીકઅપ ડાલું, સેમસંગ મોબાઈલ નંગ-૧ સહિત કુલ મુદ્દામાલ રૂા.૪,૬૬,૯૦૦/- નો પોલીસ ધ્વારા ઝડપાયો હતો.વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને પોલીસએ ઝડપી પાડ્યા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી પોલીસની નાકાબંધી દરમ્યાન મહિન્દ્રા બોલેરો મેક્સીટ્રક પીકઅપ ડાલા નંબર. જી.જે.૦૧. ડી.વાય. ૬૪૩૪ માં પાછળના ભાગે બોક્ષ બનાવી વિદેશી દારૂ સંતાડીને લવાતો હતો. વિદેશી દારૂ પરપ્રાંતિય પાસ પરમીટ વગરનો ગેરકાયદેસર રીતે હેરાફેરી કરતા બે ઈસમો ઝડપાયા હતા. વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની બોટલ નંગ-૧૨૮ કિંમત રૂા.૬૬,૪૦૦/-નો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા મહેન્દ્રભાઈ ગણેશભાઈ લિપોડીયા, ચિરાગભાઈ જયંતીભાઈ પટેલ બંન્ને રહેવાસી.અમદાવાદ બે ઈસમોને પોલીસએ જેલના હવાલે કર્યા હતા.

પડઘમ શાંત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રવાના કરવામાં આવશે. બે હજાર જેટલા કર્મચારીઓ આ ચૂંટણીની કામગીરીમાં જોતરાશે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. ૨૭ જેટલી બસો દ્વારા પોલિંગ સ્ટાફને રવાના કરવામાં આવશે અને સાંજ સુધીમાં પોલિંગ સ્ટાફ જે તે મથક પર પહોંચી રિપોર્ટીંગ પણ કરશે.

આ ચૂંટણી માટે ૫૦ જેટલા મતદાન મથકો સંવેદનશીલ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારની આ ચૂંટણી માટે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ એસ.આર.પી. પ્લાટુન સાથે લગાવવામાં આવનાર છે. પોલીસે આ માટે ખાસ રેપીડ રિસ્પોન્સ ટીમ પણ બનાવી હોવાનુ જાણવા મળેલ છે.

નવા સીમાંકન સાથે યોજાઈ રહેલી આ ચૂંટણીમાં પાંચ બેઠકોનો વધારો થયો છે. નવા સીમાંકન મુજબ યોજાઈ રહેલી આ ચૂંટણી માટે પંચે ખાસ નીરીક્ષકની પણ નિયુક્તી કરી છે એટલુ જ નહિ ખર્ચ પર નિયંત્રણ માટે ખાસ આગ્રહ રાખ્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની સંખ્યા જિલ્લા પંચાયતની બેઠકો કરતાં વધુ છે અને એટલે જ બન્ને પક્ષોએ તેના પર કબ્જો જમાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ છે. આ ચૂંટણીમાં પણ બન્ને પક્ષોને લગ્નસરા અને નોટાનો ભય સતાવી રહ્યો છે. છતાં બન્ને પક્ષો દ્વારા તેમની તરફેણમાં મતદાન થાય તે માટેની વ્યુહરચના પણ અલગથી તૈયાર કરેલ છે.

હાલ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તાધારી પક્ષ તરીકે છે. આ ચૂંટણી રસાકસીભરી બની રહેશે તેવો મત રાજકીય નિરીક્ષકો વ્યક્ત કરી રહ્યા છે.

ઉનાળા જેવો તાપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડી વેઠી રહયા છે. અત્યાર સુધી વાતાવરણમાં ઠંડીનુ પ્રભુત્વ હતુ. જોકે છેલ્લા એક સપ્તાહથી વાતવારણમાં બેવડી ઋતુની અસર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં દિવસનુ મહત્તમ તાપમાન દિનપ્રતિદિન વધી રહયુ છે. ગરમીનો પારો હવે ૩૦ ડી ગ્રીને પાર જ રહે છે. જો કે છેલ્લા બે ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૨ ડી ગ્રીને પાર થઈ ગયુ છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૩ ડી ગ્રી પહોંચી જતા દિવસ દરમિયાન ઉનાળા જેવા આકરા તાપ વચ્ચે આકરી ગરમી અનુભવતા નગરજનો વ્યાકુળ બન્યા હતા. જયારે રાત્રિના સમયે લઘુત્તમ તાપમાન પણ ૧૫ ડી ગ્રી સુધી ઉપર આવતા ઠંડીનુ જોર પણ નોંધપાત્ર ઘટી ગયુ છે. ઠંડી ગરમીની અસર વચ્ચે નગરજનો બેચેની અનુભવી રહયા છે. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે ૭૭ ટકા અને સાંજે ૩૦ ટકા રહયુ છે. હાલ વાતાવરણમાં ઠંડી અદ્રશ્ય છે. પરંતુ ગરમી વધી રહી છે. પરંતુ આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટા વચ્ચે ઠંડી પ્રબળ બનવાની સાથે માવઠુ પણ થાય તેવી સંભાવના છે.

દ્વારેથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● વિધાનસભા સલામતિ સ્ટાફનો ડ્રેસકોડ બદલાયો

વિધાનસભાનો સલામતિ સ્ટાફનો સફેદ ડ્રેસ કોડ બદલી નાખવામાં આવ્યો છે અને સુટ તેમજ સફારી સલામતિ સ્ટાફને આપવામાં આવી છે. સલામતિ સ્ટાફનો ડ્રેસ કોડ બદલાતાં સંકુલ સમગ્ર કોર્પોરેટ લાગે છે.

● ધાનાણીએ સુતરની આંટી આપી

આજે વિધાનસભાના નવા વરાયેલા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને સન્માનિત કરવા માટે વિપક્ષના નેતા પરેશ ધાનાણી સુતરની આંટી લઈ આવ્યા હતા. આ વખતે સંસદીય બાબતોના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા મુખ્યમંત્રી રૂપાણી પાસે આંટી ન હતી તેથી વિપક્ષના નેતાએ સૌજન્ય દાખવી તેમને આંટી આપી હતી.

● જય સરદાર લખેલી ટોપી ગૃહમાં

કોંગ્રેસના બે ધારાસભ્યો કે.સી. પટેલ અને લલિત વલોયા જય સરદાર લખેલી ટોપી પહેરી ગૃહમાં પ્રવેશ્યા હતા. તો કોંગીના જ હર્ષદ રિબડિયા માથે પાઘડી પહેરી આવ્યા હતા. ગૃહમાં બેઠક વ્યવસ્થામાં પણ બેઠકો ક્રમાનુસાર ફાળવવામાં આવી હોવાથી મહિલા સભ્યો પણ છુટી છવોલી બેઠકો પર બેઠેલી જોવા મળી હતી. જો કે મહિલાઓ માટે અલગ લોન્જ ત્રીજા મજલે ફાળવવામાં આવી છે.

● અને છેલ્લે...

વિધાનસભામાં આજે રાજ્યના નાણાંમંત્રી તરીકે નીતિન પટેલ તેમનુ ત્રીજુ અંદાજપત્ર રજુ કરશે. રૂપાણી સરકારનું આ બીજુ બજેટ હશે.

તોફાની પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ પહેલા જ દિવસે ભાજપને સમગ્ર સત્ર દરમ્યાન ઘેરવાની પોતાની રણનીતિનો પરચો આપી દીધો હતો. દરમ્યાન આજે વિધાનસભા ગૃહમાં પ્રથમ દિવસે ત્રણ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા. આ અગાઉ વિધાનસભા બજેટ સત્રના પ્રથમ દિવસે નવા ગૃહ સંકુલના રિનોવેશન બાદ સૌપ્રથમવાર ગૃહની કાર્યવાહી શરૂ થઈ રહી હોઈ સવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભાજપના અન્ય નેતાઓની હાજરીમાં ખાસ હવન-યજ્ઞ કરવામાં આવ્યો હતો અને શાંતિની પ્રાર્થના કરવામાં આવી હતી.

અન્ડર બ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે અત્યારથી જ પુર્વ આયોજન હાથ ધરાયુ છે. જેને અનુલક્ષી રેલવેના રૂટમાં ટ્રાફિકના સંચાલન માટે અન્ડર બ્રિજ બનાવવા માટે આયોજન કરાયુ છે. ગાંધીનગરમાં પણ સ્ટેશનને અનુલક્ષી અન્ડર પાસ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ખોરજ ખોડિયાર ટ્રેક વચ્ચે પણ અન્ડર બ્રિજ બનાવવા માટે પણ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આ કાર્યયોજના પાછળ રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ બ્રિજનુ સ્ટ્રકચર આર સી સી સ્લેબ ટાઈપનુ બનાવાશે. આ રૂટમાં ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે ટ્રેન સેવાનો વ્યાપ વધારવા માટે પણ આ પ્રકારના બ્રિજનુ નિર્માણ કરવાનુ આયોજન કરાયુ હોવાનુ મનાઈ રહયુ છે. ગાંધીનગર સ્ટેશનના વિકાસ માટે તેમજ નવી ટ્રેઈનો દોડવાય તે માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવી નથી. જયારે આગામી દિવસોમાં પણ નવી ટ્રેઈન સુવિધા મળે તેવી આશા પણ રેલવે વિભાગની કામગીરીના અંતે બંધાઈ છે.

કેસરીયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીલ ખોલી મતગણતરી શરૂ કરવામાં આવી હતી. તમામ મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી અને તમામ પરિણામો જાહેર કરી દેવાયા છે. સમગ્ર ચૂંટણીથી લઈ મતગણતરી અને પરિણામો જાહેર કરવા સુધીની તમામ પ્રક્રિયામાં રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર વરેશ સિંહા, સંયુકત કમિશનર એ.એ.રામાનુજ, મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઈ જોષી, નાયબ ચૂંટણી કમિશનર એ.એ.વ્યાસ, નાયબ ચૂંટણી કમિશનર ફાતિમા શેખ, મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલ, વસંતભાઈ સોલંકી, ઈશ્વરભાઈ નીનામા, નાયબ મામલતદાર સહિતના અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. દરમ્યાન મતગણતરી દરમ્યાનના માહોલની વાત કરીએ તો, મતગણતરી પહેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના હૃદયના ધબકારા વધી ગયા હતા અને ભારે ઉત્તેજનાભર્યો માહોલ મતગણતરી કેન્દ્રો પર જોવા મળ્યો હતો. શરૂઆતના ટ્રેન્ડમાં કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. એક તબક્કે કેટલીક નગરપાલિકાઓ કોંગ્રેસ આગળ જતી હતી પરંતુ બપોરે બે વાગ્યા સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતું અને કુલ ૭૫ નગરપાલિકાઓમાં ભાજપને ૪૭ નગરપાલિકાઓ પર સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ હતી, તો કોંગ્રેસને ૧૬ નગરપાલિકાઓ પર સ્પષ્ટ બહુમતી મળી હતી. ભાજપનો હાથ ભલે ઉંચો રહ્યો હોય પરંતુ ગત નગરપાલિકાઓની ચૂંટણીની સરખામણીએ ભાજપને ૧૩ જેટલી નગરપાલિકાઓની સત્તા ગુમાવવાનો વારો આવ્યો છે. એટલે કે, ભાજપના હાથમાંથી ૧૩ નગરપાલિકા આ વખતે સરકી ગઈ છે.

શાખા સીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે નહી. આ બ્રાન્ચમાં પીએનબી કર્મચારીઓના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. સીબીઆઈએ રવિવારના દિવસે મુંબઈમાં બ્રેડી રોડ બ્રાન્ચ પર ઝડપથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પીએનબીની આ બ્રાન્ચમાં કરોડોની લોનના કોંભાડને અંજામ આપવામાં આવ્યા બાદ ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી. આ ફ્રોડમાં જ્વેલરી કારોબારી નીરવ મોદી અને તેમના બિઝનેસ પાર્ટનર મહેલુ ચૌકસી શામેલ છે. અધિકારીઓના કહેવા મુજબ સીબીઆઈનીરવના સીએફઓ અને ફાયર સ્ટાર ડાયમંડ કંપનીના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર વિપુલ અંબાણી અને પીએનબીના બે અધિકારીઓથી સતત પુછપરછ કરી રહી છે. વિપુલ ધીરુભાઈ અંબાણીના સૌથી નાના બાઈ નીતુભાઈ અંબાણીના પુત્ર છે.

એમ કહેવામાં આવી રહ્યુ છે કે વિપુલે બે દિવસ પહેલા જ નીરવ મોદીની સાથે કામ શરૂ કર્યુ છે. આ પહેલા પીએનબી કોંભાડમાં સીબીઆઈએ મુંબઈમાં પંજાબ નેશનલ બેંકની બ્રેડી હાઉસ શાખા સંકુલને સંપૂર્ણ રીતે પોતાના કબજામાં લઈ લીધી હતી. આ ગાળા દરમિયાન સીબીઆઈએ વ્યાપક શોધખોળ કામગીરી હાથ ધરી હતી. બેંકના જનરલ મેનેજર સહિત પાંચ અધિકારીઓથી પુછપરછ કરવામાં આવી ચુકી છે. આવી રીતે આ કોંભાડના કુલ ૧૧ લોકોની અધિકારીઓ હાલમાં પુછપરછ કરી રહ્યા છે. આ ઉપરાંત રવિવારના દિવસે ધરપકડ કરી લેવામાં આવેલા નિવૃત મેનેજર ગોકુલનાથ શેટ્ટી અને મનોજ કરાત તેમજ નીરવ મોદીના સત્તાવાર સિગ્નેટરીની પણ પુછપરછ કરવામાં આવી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે સીબીઆઈની ટીમે બેંકની શાખામાં કોંભાડની રકમ અને ઉંડાણમાં તપાસ કરવા માટે હજારો દસ્તાવેજો અને ડિજિટલ રિકોર્ડમાં તપાસ કરવામાં આવી રહી છે. બીજી બાજુ સીબીઆઈની ટીમ ગીતાંજલિ ગ્રુપની ભારત સ્થિત ૧૮ સહાયક કંપનીઓની બેલેન્સશીટમાં પણ તપાસ કરી રહી છે. પીએનબી દ્વારા આપવામાં આવેલી ૧૧૩૮૪ કરોડ રૂપિયાની ગેરંટીના આધાર પર જુદી જુદી બેંકો પાસેથી લેવામાં આવેલી રકમની લેવડદેવડ અંગે પુરતી માહિતી મેળવી લેવા માટે તપાસ ચાલી રહી છે. સીબીઆઈએ કહ્યુ છે કે આ કોંભાડ એ વખતે સપાટી પર આવ્યુ છે જ્યારે મોદી અને ચૌકસીની કંપનીઓએ પીએનબીની બ્રેડી હાઉસ શાખામાં આ વર્ષે જાન્યુઆરીમાં ચુકવણી માટે એલઓયુ માંગ્યા હતા.

અજવાળું અજવાળું

● ૪ પાનાનું ચાલુ...

આજના સમયની સૌથી મોટી માંગ અને જવાબદારી જો કોઈ હોય તો તે શિક્ષણ અને તે માટેની પાયાની પ્રાથમિક સુવિધાઓ છે. સાચું - મૂલ્ય આધારિત - શિક્ષણ અપાવાને બદલે શિક્ષણ એક વ્યાપારનું ક્ષેત્ર બની ચૂક્યું છે. ત્યારે ગરીબ ઘરના બાળકો માટે શ્રેષ્ઠ શિક્ષણ આપવાનું કાર્ય આવા લોકો દ્વારા થાય તે અભિનંદનને પાત્ર છે. આમ કોઈ એકાદ જણ ગાંઠનું ગોપીચંદન ઘસીને આરંભ કરે અને શિક્ષણના આ સેવાયજ્ઞમાં સમાજના જુદાજુદા વર્ગના લોકો પણ જોડાય ત્યારે એ યજ્ઞમાંથી પ્રગટતી જ્ઞાનની જ્યોતિના અજવાળા કેટલાયે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં રેલાય છે.